કોન્ટેક્ટલેસ ડેબીટ કાર્ડ - ઈ-બેન્કીંગ ક્ષેત્રે દિવસે ને દિવસે પ્રગતિ થતી જાય છે... ડેબીટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ ઉપરાંત નેટ બેંકીંગ ક્ષેત્રે રાષ્ટ્રીયકૃત બેંકો અને ખાનગી બેંકો દ્વારા વિવિધ સુવિધાસભર સેવાઓ પુરી પાડવામાં આવે છે. ગુરૂવારે ભારતીય સ્ટેટ બેંક દ્વારા ઈન્ફોસિટી કોર્સવર્ડ ખાતે 'એસબીઆઈ ઈનટચ કોન્ટેક્ટલેસ ડેબીટ કાર્ડ' લોન્ચ કર્યું હતું. (તસવીર : દિપક જાની)

૧૭ વર્ષની સગીરાનું પડોશી યુવકે કર્યુ અપહરણ

ચિલોડા નજીકના એક ગામમાં બનેલી ઘટના : સગીરાના પિતાએ ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૧૪

ચિલોડા નજીકના એક ગામમાં ૧૭ વર્ષની સગીરાને લલચાવીને જાતીય શોષણ કરવાના ઈરાદે પડોશમાં રહેતો યુવક ઘરેથી ભગાડી અપહરણ કરી જતાં ચકચાર મચી જવા પામી છે. સગીરાના પિતાએ આ મામલે યુવક સામે અપહરણની ફરીયાદ આપતા ચિલોડા પોલીસે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડાથી નજીક આવેલા એક ગામમાં રહેતી ૧૭ વર્ષની કિશોરીને પડોશમાં રહેતો યુવાન રાકેશ મંગા રાઠોડ ૧લી મે રાત્રીના અરસામાં ભોળવીને જાતીય શોષણ કરવાના ઈરાદે ભગાડી અપહરણ કરી ગયો હતો.

કિશોરીના પરિવારજનોએ શોધખોળ કર્યા બાદ પણ તેણીનો પત્તો ન લાગતા અંતે ચિલોડા પોલીસમથકે કિશોરીના પિતાએ ફરીયાદ નોંધાવી છે. પી.આઈ. એન.સી. ભરવાડે કિશોરીના પિતાની ફરીયાદને આધારે આરોપી પડોશી યુવાન રાકેશ રાઠોડ સામે અપહરણનો ગુનો દાખલ કરીને શોધખોળ શરૂ કરી છે.

ડેપોમાં વૃદ્ધાના ગળામાંથી દોરો સેરવતા બે મહિલા ઝડપાઈ

ત્રણ કલાકથી બસમાં ચઢતા મુસાફરોની ભીડ જામે તેની રાહ જોઈને બન્ને મહિલા બેઠી હતી : પોલીસે પુછપરછ શરૂ કરી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આજે બપોરના અરસામાં વિજયનગર-સાણંદ બસમાં ચઢતા મુસાફરોની ભીડ જામતા તેનો લાભ લઈને બે મહિલાઓએ એક વૃદ્ધાને નિશાન બનાવી હતી અને તેમના ગળામાંથી દોરો સેરવ્યો ત્યાં રંગેહાથ બનને મહિલાઓ ઝડપાઈ ગઈ હતી. શકમંદ મહિલાઓને સે. ૭ પોલીસને સોંપવામાં આવતા પોલીસે પુછપરછ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર એસ.ટી. ડેપોમાં બે મહિલાઓ લાંબા સમયથી શંકાસ્પદ રીતે ફરતી હતી. જેને પગલે એસટી ડેપો કંટ્રોલના કર્મચારીઓ તે બંનેની વોચ રાખીને બેઠા હતા. જે બસમાં ચઢ-ઉતર માટે ભીડ લાગે ત્યાં પહોંચવા બંને મહિલાઓ પ્રયત્ન કરી રહી હતી. જેથી ચેઈન સ્નેચર હોવાની શંકા પ્રબળ થતા ખાસ વોચ રાખવામાં આવી હતી. દરમ્યાન વિજયનગર-સાણંદ બસ આવી અને તેમાં મુસાફરોની ચઢ-ઉતર માટે ભીડ જામી ત્યારે એક વૃદ્ધાને ટાર્ગેટ બનાવી બંને મહિલાઓએ તેણીના ગળામાંથી દોરો શેરવ્યો ત્યાં જ રંગેહાથ બંને મહિલાઓને કર્મચારીઓએ પકડી પાડી હતી અને પોલીસને હવાલે કરી હતી. સે. ૭ પોલીસે બંને શકમંદ મહિલાઓની પુરછપરછ શરૂ કરી છે.

ગુજરાત દેશનું પાણી ક્ષેત્રે એકમાત્ર ટેન્કર ફ્રી રાજ્ય : વિજય રૂપાણી

સિંગાપુર પ્રતિનિધિમંડળની પાણી પુરવઠા મંત્રી રૂપાણી સાથે લાંબી મંત્રણા

ગાંધીનગર, તા.૧૪

રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી પીવાનું અને સિંચાઈનું પાણી પહોંચાડવા સતત પ્રયત્નશીલ છે જેના ભાગરૂપે આજે ગુજરાત દેશનું પાણી ક્ષેત્રે ટેન્કર ફ્રી અને ફ્લોરાઈડ ફ્રી રાજ્ય બન્યું છે, તેમ આજે રાજ્યની પાણી પુરવઠા પ્રણાલી અંગેના અભ્યાસ માટે ગુજરાતની મુલાકાતે આવેલ નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપોર, ઈન્સ્ટિટ્યુટ ઓફ વોટર પોલીસીના સીનિયર રિસર્ચ ફેલો ડો. સીસીલીયા ટોરટાજાડાને માહિતગાર કરતા પાણી પુરવઠા મંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું. મંત્રીએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે, પ્રતિ વ્યક્તિદીઠ ૧૦૦ લીટર પાણી આપનાર ગુજરાત દેશભરમાં પ્રથમ રાજ્ય છે, તેમજ ગુજરાત સરકારે માનવીની સાથે સાથે પશુ માટે પણ પીવાનું પાણી પુરુ પાડવાની ચિંતા કરી છે. ગુજરાતે પાણી પુરુ પાડવા માટે રાજ્યભરમાં ૧.૨૦ લાખ કિમી જેટલી રાજ્ય વ્યાપી પાઈપલાઈન ગ્રીડ તૈયાર કરી છે. નર્મદા-સરદાર સરોવરનું પાણી ગુજરાતના દક્ષિણ છેડાથી છેક પશ્ચિમમાં કચ્છના ગામડાઓ સુધી કેનાલ અને પાઈપ લાઈન દ્વારા પહોંચાડ્યું છે જે રાજ્ય સરકારની પાણી પુરવઠા ક્ષેત્રે મેળવેલી સિદ્ધિ દર્શાવે છે.

આ સૌજન્ય મુલાકાત દરમિયાન પાણી પુરવઠા વિભાગ અગ્રસચિવ ડો. રાજીવકુમાર ગુઆએ ખાસ ઉપસ્થિત રહીને ડો. સીસીલીયાએ ગુજરાતમાં ત્રણ દિવસ દરમિયાન ઢાંકી પંપિગ સ્ટેશન, સુરેન્દ્રનગર ખિરાઈ હેડવર્કસ, ભચાઉ ગુરુકૃપા પંપીંગ સ્ટેશન અને વિવિધ ગામોની લીધેલી મુલાકાત અંગે મંત્રી રુપાણીને વિગતે માહિતગાર કર્યા હતા.



કોબા સર્વિસ રોડ પર જોખમરૂપ વૃક્ષ - ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સર્વિસ રોડ પર ઉમિયા કમ્પ્લેક્ષ સામે એક વૃક્ષ સાવ સુકાઈને ભઠ્ઠ થઈ જવા પામ્યું છે. ઘણાં સમયથી સુકાઈ ગયેલ આ ઝાડના થડમાં ઉધઈ પણ લાગી ગઈ હોવાથી તે ગમે ત્યરે પડી જાય તેવી સ્થિતિમાં આવી ગયું છે. જો આ ઝાડ અચાનક પડી જાય તો કોઈ વ્યકિત અથવા પ્રાણીના જીવનું જોખમ પણ બની શકે છે. સાવ મૃતઃપાય થઈ ગયેલા આ ઝાડનાં ઠુંઠાનો સમયસર જો નિકાલ કરી દેવાય તો જાનહાનિ અથવા અકસ્માતનું જોખમ ટળી શકે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

ઝુંડાલ પાસેથી ચોરીના પલ્સર સાથે એક યુવક ઝડપાયો

કારંજ પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરાયેલા બાઈકના નંબર સાથે ચેડા કરી ફેરવતો હતો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક ઝુંડાલ કલ્પતરૂ સામેના માર્ગ પર અડાલજ પોલીસ આજે બપોરના અરસામાં વાહન ચેકીંગ કરી રહી હતી ત્યારે બ્લ્યુ પલ્સર બાઈકની નંબર પ્લેટમાં ચેડા કરીને ચોરીના પલ્સર સાથે ફરતો એક શખ્સ ઝડપાઈ ગયો હતો. પોલીસે બાઈક જપ્ત કરીને ઝુંડાલના યુવકની ધરપકડ કરી પુછપરછ આરંભી છે. આ બાઈક કારંજ પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરાયેલુ હોવાનું ખુલ્યુ છે.

અડાલજ પોલીસમથકના પીએસઆઈ ટી.બી. રાઠોડ આજે બપોરના અરસામાં તેમની ટીમ સાથે ઝુંડાલ કલ્પતરૂ સામેના માર્ગ પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે દરમ્યાન એક યુવકને ચોરીના પલ્સર બાઈક સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. ઝુંડાલનો ૨૩ વર્ષીય સૌમીલ રમેશ પટેલ જ બ્લ્યુ પલ્સર બાઈક પર નીકળ્યો હતો તેની નંબર પ્લેટમાં ચેડા કરીને જીજે-૧એમપી૪૯૬૬ કરી દેવાયો હતો. આ બાઈક કારંજ પોલીસસ્ટેશનની હદમાંથી અગાઉ ચોરાયેલુ હોવાથી ફરીયાદ નોંધાયેલી છે. અડાલજ પોલીસે ચોરીનું બાઈક જપ્ત કરી સૌમીલની ૪૧-૧-ડી મુજબ ધરપકડ કરી તેની પુછપરછ શરૂ કરી છે.

નગરની સેવાકિય સંસ્થા જુસીકા તા. ૧૫-૫-૧૫માં પંદર વર્ષ પૂરા કરીને સોળમાં વર્ષમાં પ્રવેશ કરશે. આ પ્રસંગે એક મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસાદ સ્વરૂપે ૧૦,૦૦૦ લાડુનું વિતરણ અંધશાળા, સિવિલ હોસ્પિટલના દર્દીઓ, સમર્પણ મુક બધીર શાળા, ડભોડા ભિક્ષુકગૃહ, કૈલાશ વૃદ્ધાશ્રમ, પેથાપુર જેવી સંસ્થાઓને વહેંચવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

નગરમાં વરસાદના છાંટણાઓએ ભીની માટીની મહેક પ્રસરાવી

ગરમીમાં આંશિક રાહતના ખુશનુમા વાતાવરણથી લોકોનું મન પ્રફુલ્લિત થઈ ઉઠ્યુ હતુ

ગાંધીનગર, તા. ૧૪

પાટનગર સહિત રાજ્યભરમાં આવેલા અચાનક પલટાએ જીવન વ્યવહાર ક્ષણભર અસ્તવ્યસ્ત કરી નાખ્યો હતો. વાવાઝોડાથી ઉડેલી ધુળની ડમરીઓને વરસાદના અમી છાંટણાઓએ શાંત પાડી દઈ ભીની માટીની મહેક સમગ્ર વાતાવરણમાં પ્રસરાવી દીધી હતી. જેથી આકરી ગરમીમાં આંશિક રાહત આપતા ખુશનુમા વાતાવરણથી લોકોનું મન પ્રફુલ્લિત થઈ ઉઠ્યુ હતુ. જો કે બીજા દિવસના તાપથી ઉકળાટ વધી જશે તેવી દહેશત પણ વ્યક્ત થઈ હતી.

હવામાન ખાતાએ કરેલી આગાહી મુજબ રાજ્યભરમાં બુધવારની સમી સાંજે વાતાવરણ એકદમ પલટાઈને વાવાઝોડા સહિત વરસાદમાં તબદીલ થઈ ગયું હતું. વાવાઝોડા અને વરસાદથી માર્ગો સહિત અનેક સ્થળોએ વૃક્ષો અને છાપરાં ઉડી જવાના બનાવો બન્યા હતા જેથી તે સમયે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. છતાં પણ વરસાદના અમી છાંટણાથી ધગધગતી ધરતી તૃપ્ત થઈ હોય તેમ ભીની માટીની મહેંક સમગ્ર વાતાવરણમાં પ્રસરી ગઈ હતી. ગાંધીનગરના નગરવાસીઓએ પણ આ માહોલનો મહેસુસ કરી ફરી વળેલી થોડીક ઠંડકથી આંશિક રાહત અનુભવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

નગરમાં સમી સાંજે પલટાયેલા વાતાવરણે ક્ષણભર ચિંતા ઉભી કરી દીધી હતી. જો કે વાવાઝોડાથી સમગ્ર વાતાવરણમાં ધુળની ડમરીઓ ફળી વળતા માર્ગ ઉપર સામે કોઈ નજરે પણ ન પડતુ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. પરંતુ વરસાદના આગમને પરિસ્થિતિને જલ્દીથી સરખી કરી લઈ વાતાવરણને ખુશનુમા કરી દીધુ હતુ. ધગધગતી માટી ઉપર વરસાદના અમી છાંટણાએ અદ્‌ભૂત સુગંધ પ્રસરાવી લોકોના મન પ્રફુલ્લિત બનાવી દીધા હતા. જેથી લોકો ઘરની બહાર આવી આહલાદ્‌ક વાતાવરણની મઝા માણતા નજરે પડ્યા હતા. વરસાદ થકી ઉભી થયેલી ઠંડકે લોકોને ગરમીમાંથી છુટકારો મળ્યો હોય તેવો અનુભવ થયો હતો.

જો કે ઉનાળાની સિઝન ચાલુ હોઈ અને આ કમોસમી વરસાદ થયેલો હોઈ બિજા દિવસના આકરા તાપથી ઉકળાટ વધી જશે તે અસહ્ય બનશે તેવી ચિંતા લોકોને સતાવતી હતી.

રવિવારે સે-૨૩માં શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની ક્રિએટીવ કલબ દ્વારા ધો-૧૦, ધો-૧૨ અને ગ્રેજયુએટ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા. ૧૭મી મે રવિવારે બપોરે ૧ થી ૫ વાગ્યા દરમિયાન સે-૨૩માં કડી કેમ્પસની ફાર્મસી કોલેજના બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ ખાતે યોજાશે.

શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન શિબિરમાં ગાંધીનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને કારકિર્દી વિષયક યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી વિવિધ તજજ્ઞો ઉપસ્થિત રહી માહિતી પ્રદાન કરશે. આ તજજ્ઞોમાં યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ.એન. પટેલ, એસ.વી. કોલેજના પ્રિન્સીપાલ જગદીશ ચૌધરી, ગુજરાત યુનિવર્સિટી મેડીકલ કોલેજના ડીન ડો. મહેશ પટેલ અને એડમીશન કમિટીના મેમ્બર ડૉ. પ્રણય શાહ, ઉત્તર ગુજરાત યુનિ.ના સેનેટ મેમ્બર ડૉ. કિરીટ પટેલ, ગુજરાત યુનિ.ના સેનેટ મેમ્બર ડૉ. મનિષ દોશી તેમજ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડીકેટ મેમ્બર ડૉ. હિમાંશુ પટેલનો સમાવેશ થાય છે. શિબિરમાં વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ, આઈટી ક્ષેત્રે કારકિર્દી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે.

શિબિરમાં ભાગ લેવા માટે તા. ૧૬મી મે સુધીમાં રૂ. ૧૦ ફી સાથે ફોર્મ ભરવાના રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ મેળવવા અને પરત આપવા માટે સે-૧૬માં વિદ્યા લાયબ્રેરી, સે-૧૧માં ૧૪-વિજય શોપીંગ સેન્ટર પર બપોરે ૩ થી ૬ અને સે-૬માં સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી સરસ્વતી વિદ્યાલય ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. શિબિરને સફળ બનાવવા કેપીટલ ક્રિએટીવ કલબના પ્રમુખ મુકેશ પટેલ, કાર્યક્રમ ઈન્ચાર્જ સુનિલ ત્રિવેદી, સંકલન ઈન્ચાર્જ પ્રદિપસિંહ બિહોલા સહિત ધ્રુવ પટેલ, સાહિલ શાહ, મેહુલ પટેલ, મુકેશ મારૂ અને હેનિશ રાઠોડ વગેરે જહેમત ઉઠાવી રહ્યાં છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૦
સૂર્યાસ્ત : ૭.૧૪

તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :
જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સ્ક્રીન-૪ :
જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

સ્ક્રીન-૨ :
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

સ્ક્રીન-૫ :
ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

આપની આજ

મેષ : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

વૃષભ : આજે કાર્ય સફળતા માટે વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. સામાજિકક્ષેત્રે ધારી સફળતા પ્રાપ્ત થઈ શકશે.

મિથુન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. મિત્રોના સહયોગથી અટકેલા કાર્યો આજે પૂર્ણ થઈ શકે છે.

કર્ક : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો માટે યાત્રા થઈ શકે છે. કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

સિંહ : શોધથી કાર્યક્ષેત્રમાં પ્રાપ્તિ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી રુચિ જાગૃત થશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થશે.

કન્યા : ભૂમિ-સંપત્તિનાસોદામાં લાભ થવાની સંભાવના છે. યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : પ્રયત્ન જરૂરી છે. કાર્યમી ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિનાં મામલા ઉકેલાશે. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

ધન : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

મકર : કુટુંબીજનો સાથે પ્રવાસ થઈ શકે છે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. મિત્રોના સહકારથી સમસ્યાનું સમાધાન મળી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

ચિરવિદાય

- સ્વ. તનસુખભાઈ પુરુષોત્તમદાસ પટેલ (ઉ.વ.૯૧) પ્લોટ નં. ૮૪, સેક્ટર-૧૯, ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન ભાનુપ્રસાદ ત્રિવેદી (ઉ.વ.૮૧) પ્લોટ નં. ૪૮૧, વિરાટનગર સોસાયટી, સે-૨૩, ગાંધીનગર
- સ્વ. અંદુજી વિહાજી ઠાકોર (ઉ.વ.૫૬) હરિકૃષ્ણ ટેનામેન્ટસ્, મોવડીયાપુરા, કોલાવડા, જી. ગાંધીનગર
- સ્વ. મારુ રાજાભાઈ જેઠાભાઈ (ઉ.વ.૬૫) સે-૧૪, ગોકુલપુરા, કાચા છાપરા, ગાંધીનગર